ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# આગામી ૨૬ ડિસેમ્બરે સુર્યગ્રહણ

**ગ્રહણની અસરથી કાતિલ ઠંડી અને કમોસમી વરસાદ થવાની સંભાવના : ગાંધીનગર અમદાવાદમાં ૨૬ મી એ સવારે ૮ કલાક અને ૬ મિનિટે ગ્રહણ સ્પષ્ટ થશે : ગ્રહણ વેળાએ શયન ન કરવુ તેમજ ગ્રહણ પુર્વે અને બાદમાં ઠંડા પાણીથી સ્નાન કરવુ જોઇએ : મંત્ર સિધ્ધ કરવા સહીત ઇષ્ટદેવના જાપ કરવા : ગ્રહણની અસરથી હવામાન પ્રભાવિત થવાના સંકેતો : સુર્ય શનિના યોગથી ૧૪ જાન્યુઆરી સુધી સખત ઠંડી પડવાના યોગ : ૨૨ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન પણ આકરી ઠંડી પડવાની સંભાવના : ન્યુન્નતમ તાપમાન ૮ ડીગ્રીથી નીચુ જવાની શક્યતા – અંબાલાલ પટેલ**

ગાંધીનગર તા ૨૦

આગામી તા ૨૬ ડિસેમ્બરના રોજ સુર્યગ્રહણ થશે. ધનુરાશિમાં થનારા આ ગ્રહણની અસરથી આ દિવસોમાં કાતિલ ઠંડી પડશે. દેશના કેટલાક ભાગોમાં હીમ વર્ષા સાથે રેકર્ડ બ્રેક ઠંડી પડશે. જયારે ગાંધીનગર અમદાવાદમાં પણ સખત ઠંડી પડવાના યોગ છે. લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીથી પણ નીચુ જાય તેવી સંભાવના છે. આ ઉપરાંત કમોસમી વરસાદ થાય તેવા પણ સંજોગો વર્તાઈ રહ્યા હોવાનુ જાણીતા જયોતિષ અંબાલાલ પટેલે જણાંવ્યુ છે. ગાંધીનગર અમદાવાદમાં તા ૨૬ ડિસેમ્બરના રોજ ગ્રહણની સ્પષ્ટ અસર સવારે ૮ કલાક અને ૬ મિનિટથી જોવા મળશે. ગ્રહણનો કુલ પરમગ્રાસ ૦.૯૭૦૧ રહેશે. અલબત્ત ૧૧૮ કી મી રહેશે.

આગામી તા ૨૬ ડિસેમ્બરના રોજ સુર્યગ્રહણ થશે. અમદાવાદ ગાંધીનગર સહીતના વિસ્તારમાં સવારે ૮ કલાક અને ૬ મિનિટે ગ્રહણ જોવા મળશે. જયારે સવારે ૯ :૨૨ મિનિટે ગ્રહણ મધ્ય અને ૧૦ :૫૨ મિનિટે ગ્રહણ મોક્ષ થશે. પુણ્યકાળ ૨ કલાક અને ૪૫ મિનિટનો રહેશે. જયારે ગ્રહણનો ફેલાવો ૦.૭૪૪ ગ્રાસ રહેશે. જાણીતા જયોતિષ અંબારામ દા પટેલે આ અંગે જણાંવ્યુ હતુ કે આગામી સપ્તાહમાં થનારા સુર્યગ્રહણની અસર ભુમંડળ પર વર્તાશે. ગ્રહણની અસરથી હવામાનમાં પણ ભારે પલ્ટો જોવા મળશે.કેટલીક રહસ્યમય બાબતોનો બોધ ગ્રહણ કહેવાય છે તેનો ગ્રંથોમાં ઉલ્લેખ છે. સુર્યનુ ધનુરાશીમાં ગ્રહણ થાય છે. જયારે આ ગ્રહણ વખતે ચંદ્ર,બુધ,ગુરુ,શનિ અને સુર્ય,પ્લુટો સહીતના કુલ ૬ ગ્રહો ધનુરાશિમાં હશે. છાયા ગ્રહ કેતુ પણ ધનુરાશિમાં છે. ગ્રહણની અસર વિશેષ રીતે હવામાન પર વર્તાશે. તે રીતે તા ૨૫ અને ૨૬માં હવામાન ક્ષેત્રે ભારે પલ્ટો જોવા મળે તેવી સંભાવના છે. કમોસમી વરસાદ , હીમ પ્રપાત, બરફના તોફાનની અસર પણ ઉત્તર ગોળાર્ધના ભાગોમાં થવાની સંભાવના છે. જમ્મુ કાશ્મીરના ભાગો લે લદાકના ભાગોમાં શુન્ય ડીગ્રી સેલ્શિયસથી પણ ન્યુન્નતમ તાપમાન નીચુ જવાની સંભાવના છે. ઉત્તર પર્વતીય પ્રદેશોમાં ભારે હીમવર્ષા કમોસમી વરસાદની સંભાવના રહેશે. દીલ્હી, પંજાબ,ચંદીગઢ,રાજસ્થાન ભાગોમાં ન્યુન્નતમ તાપમાન ૫ ડીગ્રીથી નીચુ જશે.

● અનુસંધાન પાન-૭ પર



જય ઉમિયા મા - કડવા પાટીદારના કુળદેવી ઉમિયા-માતાજીના ઊંઝા ખાતેનું મંદિર સોળેકળાએ ઝળહળી રહ્યું છે... લક્ષ્યચંડી યજ્ઞના દર્શન માટે રોજેરોજ લાખો ભાવિકો માતાજીના મંદિર શીશ ઝુકાવવા ઉમટે છે... ત્રીજા દિવસે પણ માનવ મહેરામણ ધસમસતો જ રહ્યો હતો... રાત્રે ઉમિયા માતાના મંદિર કરાયેલી રોશની પણ ભાવિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે... આ ઉપરાંત રાત્રીના કાર્યક્રમો દરમિયાન પણ માનવ મહેરામણ ઉમટ્યું હતું.....

# ગુડાની આવાસ યોજનાનું કામ રાત્રે પણ ચાલુ રખાતાં રાયસણમાં રોષ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા રાયસણ ગામમાં ગામના પરા તરીકે ઓળખાતા હાથીપુરા નજીક ગુડાની આવાસ યોજનાના મકાનોના નિર્માણની કામગીરી રાત્રે પણ ચાલુ રહેતી હોવાથી ગ્રામજનો પરેશાન થઈ ઉઠ્યા છે.

ફાઈનલ પ્લોટ નં. ૩૬૧માં નિર્માણ પામી રહેલ આવાસોમાં રાત્રિના સમયે રેતીની ટ્રકો આવે છે અને ખાલી કરતાં ડસ્ટ પણ ભયંકર ઉડે છે. આ ઉપરાંત સિમેન્ટની ડસ્ટ પણ ઉડે છે આને કારણે લોકોના આરોગ્ય પણ જોખમમાં આવી ગયા છે.

આ મુદ્દે રજુઆતો પછી પણ કોઈપણ પ્રકારના પગલાં સત્તાવાળાઓ દ્વારા ન લેવાતા ગ્રામજનોમાં રોષની લાગણી જન્મી છે.

મળતી વિગતો પ્રમાણે આ કન્સ્ટ્રક્શન સાઈટની નજીક તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલા અને જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરના પણ નિવાસસ્થાન આવેલા છે. આ બન્ને આગેવાનોએ પણ ગુડાના સત્તાધીશોનુ ધ્યાન દોર્યુ છે પરંતુ કોઈજ અસર તંત્રને થઈ નથી.

આ આવાસ યોજનાને અડીને વાલ્મીકી વાસ પણ આવેલો છે. વાહનોનો ઘોંઘાટ અને ઉડતી ડસ્ટને કારણે રહેવાસીઓ તેમજ ગ્રામજનોની રાતની ઊંઘ હરામ થઈ જવા પામી છે.

તંત્ર દ્વારા જો સોમવાર સુધીમાં પગલાં નહિ લેવાય તો પછી આંદોલન છેડવાનુ પણ રાયસણના કેટલાક રહીશો ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે.

## કર્મચારીઓની બદલી માટે સમિતિની રચના

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બદલી માટે એક ખાસ સમિતિની રચના કરવાનો વિવાદાસ્પદ નિર્ણય ગઈકાલે મળેલ સામાન્યસભામાં પ્રમુખસ્થાનેથી પ્રસ્તાવ લાવીને કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવનો વિરોધ કરતાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યુ હતુ કે આ બાબત સંપૂર્ણ વહીવટીય પ્રક્રિયા છે. સમિતિની રચના તમે કરી શકો છો પરંતુ તેનુ સ્ટેટસ માત્ર સલાહ આપવાથી વધુ નહિ હોય.

જિલ્લા વિકાસ અધિકારીએ વ્યક્ત કરેલા સ્પષ્ટ મંતવ્ય પછી પણ આ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કર્મચારીની બદલી એ વહીવટીય પ્રક્રિયા છે અને તે અંગે પણ કેટલીક બાબતો ધ્યાને લેવાની હોય છે. આ પ્રકારનો પ્રસ્તાવ નિષેધ થતો હોય છે અને તે પળનાય વિલંબ વિના નિષેધ કરી શકાય છે. સામાન્ય સભાએ પ્રસ્તાવ પસાર કરવામાં બહુ ઉતાવળ દાખવી હોવાનો સ્પષ્ટ અભિપ્રાય પણ વહીવટીય પ્રથાના જાણકારો આપી રહ્યા છે.

# ઉંદર-બિલાડીના ઘર સમાન ટાઉનહોલ જોખમી : બુકીંગ પણ બંધ કરી દેવાયુ!!

**બુકીંગ નહી લેવા માટે ટાઉનહોલ પર નોટીસ પણ મુકી દેવામાં આવી : છેલ્લા ચાર વર્ષથી રીનોવેશનની યોજના ટલ્લે ચઢી છે : ટુંકમાં મંજુરી અપાય તેવા સંકેતો**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના ટાઉનહોલના રીનોવેશનનુ કામ છેલ્લા ચાર વર્ષથી ટલ્લે ચઢયુ છે. એક યા બીજા કારણોસર ટાઉનહોલની સુધારણાનુ કામ થઈ શક્યુ નથી. જયારે હવે ટાઉનહોલ જોખમી હોવાનુ માલુમ પડતા આખરે હોલનુ બુકીંગ લેવાનુ પણ બંધ કરી દેવાયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ટાઉનહોલના રીનોવેશન માટે હજુ આયોજન આખરી થયુ નથી. પરંતુ જોખમી સ્થિતિને ધ્યાને લઈ આ નિર્ણય લેવાયો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. રીનોવેશનની યોજના સંદર્ભે ખર્ચને મંજુરી આપી દેવામાં આવશે તો ટુંકમાં હોલની કાયાપલટ કરવાની યોજના અમલી બનશે. પરંતુ હાલ ઉંદર બિલાડીનુ ઘર બનેલા ટાઉનહોલમાં હમણાં કોઈ કાર્યક્રમો યોજાશે નહીં.

ગાંધીનગરના ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજકટ છેલ્લા ચાર વર્ષથી અટવાયેલો છે. કલાકારોને સ્ટેજ પુરુ પાડતો ટાઉનહોલ લાંબા સમયથી મરણપથારીએ છે. પરંતુ ટાઉનહોલના રીનોવેશનની યોજના ખોરંભે પડી છે. હોલના રીનોવેશનને અનુલક્ષી કાગળ પર પ્લાન તૈયાર છે. અંદાજો પણ તૈયાર કરી દેવાયા છે. પરંતુ હજુ સુધી સરકારે ખર્ચને મંજુરી આપી ન હોવાથી હોલના રીનોવેશનનુ કામ હાથ ધરી શકાયુ નથી. થોડા સમય અગાઉ ટાઉનહોલમાં સ્ટેજ પર ચાલુ કાર્યક્રમ દરમિયાન લાઈટ નીચે પટકાતા કલાકારોને ઈજા થઈ હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી હતી. જયારે ટાઉનહોલની બેઠક વ્યવસ્થા પણ સિનિયર સિટીઝન્સને તંગ કરે તેવી છે. એ સી પ્લાન્ટ પણ ગમે ત્યારે ઠપ્પ થઈ જાય છે. જયારે પડદાનુ પણ ઠેકાણુ નથી દાયકાઓના અંતે ટાઉનહોલ તદન બિન ઉપયોગી બન્યો છે. જયારે હવે ટાઉનહોલમાં કાર્યક્રમનુ આયોજન કરવુ પણ જોખમી છે. ઉંદર બિલાડીનુ ઘર બનેલા ટાઉનહોલમાં પોપડા ખરે તેવી પણ દહેશત છે. આવા સંજોગોમાં ટાઉનહોલમાં કોઈ દુર્ઘધટના બને તો તેની માર્ગ મકાન વિભાગના અધિકારીઓ પર દોષનો ટોપલો આવે તેવી સ્થિતિ છે. ટાઈનહોલના રીનોવેશનની યોજના હાલ માર્ગ મકાન વિભાગના મંત્રી કક્ષાએ છે. અલબત્ત આ અંગે ખર્ચને મંજુરી આપવા સહીત યોજનાને આખરી કરવાનો નિર્ણય લેવાયો નથી ત્યારે તંત્ર દ્વારા તા ૨૦ ડિસેમ્બરથી ટાઉનહોલનુ બુકીંગ લેવાનુ બંધ કરી દેવાયુ છે. ટાઉનહોલમાં હવે રીનોવેશન ન થઈ જાય ત્યાં સુધી કોઈ કાર્યક્રમ નહીં થાય તેવુ પણ જણાંવાયુ છે. જયારે આ મામલે સંબંધિતોને જાણ થાય તે માટે તંત્ર દ્વારા ટાઉનહોલ પાસે આ અંગે નોટીસ પણ દર્શાવામાં આવી છે.



# સિવિલ હોસ્પિટલના ૧૮ તબીબોની એકસાથે બદલી

**ફિઝીશીયન તરીકે સેવા આપતા ડો દિનકર ગોસ્વામીની પણ હીંમતનગર બદલી કરાઇ : તબીબોની સાગમટે બદલી કરાતા દર્દીઓની હાલત કફોડી બને તેવી સ્થિતિ**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ૧૮ તબીબોની એકસાથે હીંમતનગર અને જુનાગઢ બદલી કરી દેવામાં આવી છે. જેના લીધે ૬૦૦ બેડની આ સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય સેવા પર વિપરિત અસર પડશે તેમ પણ મનાઈ રહ્યુ છે. જયારે દર્દીઓએ પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવશે. સ્વાઈન ફલુ જેવા રોગચાળાનો ખતરો પણ જળુંબી રહ્યો છે.ત્યારે દર્દીઓની હાલત વધુ કફોડી બનશે તેવો ગણગણાટ પણ થઈ રહ્યો છે. તબીબી આલમમાં પણ બદલી પગલે આક્રોશ પ્રવર્તયો હોવાની ચર્ચા છે.

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં મેડિકલ કોલેજ અસ્તિત્વમાં આવ્યા બાદ ૬૦૦ બેડની હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જયારે દર્દીઓની આરોગ્ય સેવાનો વ્યાપ પણ વધ્યો છે. સિવિલ હોસ્પિટલમાં રોજબરોજ સંખ્યાબંધ દર્દીઓનો ઈલાજ કરવામાં આવે છે. જી એમ ઈ આર એસ સંચાલિત ગાંધીનગર મેડિકલ કોલેજમાં થી વારંવાર તબીબોની બદલીના ઓર્ડર કરવામાં આવે છે. જેના લીધે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડોકટરોની ઘટ છે. સમગ્ર રાજયમાં સાત જી એમ આર એસ સંચાલિત મેડિકલ કોલેજો છે. જયારે આ કોલેજોમા ઁજયારે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનુ ઈન્સ્પેકશન આવે ત્યારે ગાંધીનગરથી તબીબોની બદલી કરી સંબંધિત કોલેજોમાં મુકવામાં આવે છે. અગાઉ વડનગર બાદ હીંમતનગર અને જુનાગઢની મેડિકલ કોલેજોમાં ગાંધીનગરથી ૧૮ તબીબોની બદલી કરવામાં આવી છે. જેમાં મેડિસીન વિભાગના ડો દિનકર ગોસ્વામી , ડો શશી મુન્દ્રા, ડો નિયતી ગોસાઈ, ચામડી વિભાગના ડો બેલા પઢિયાર, ઓર્થોપેડિક વિભાગના ડો ચિરાગ પ્રજાપતિ, બાળરોગ નિષ્ણાંત ડો નિશા પ્રજાપતિ પેથોલોજી ડો નિકુંજ સુથાર, ડો સેતલ ચૌહાણ તેમજ પીએસ એમ ડિપાર્ટમેન્ટના ડો ચિરંજીવ વાઘેલાની હીંમતનગર બદલી કરવામા આવી છે.

● અનુસંધાન પાન-૭ પર




બેસણું (વડનગરા નાગર)

ડો.યોગેશ શશીકાન્ત હાથી તા.૧૯-૧૨-૨૦૧૯, ગુરૂવારે સ્વર્ગવાસી થયા છે. તેમની પ્રાર્થના સભા (બેસણું) તા.૨૨-૧૨-૨૦૧૯ રવિવારે સાંજે ૪.30 થી ૫.30 વાગે નીચેના સ્થળે રાખેલ છે.

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ઘ-રોડ, સેક્ટર-૭,ગાંધીનગર.

લિ. શ્રીમતિ વિભૂતિ યોગેશ હાથી

અંબરિષ શશીકાન્ત હાથી | કશ્યપ શશીકાન્ત હાથી
ડો.અર્ચિતા અમીત કીકાણી | અમીત કીરણભાઈ કીકાણી
જૂઈ દુર્ગેશ ઝાલા | દુર્ગેશ પ્રફુલચંદ્ર ઝાલા


# જિલ્લા પંચાયતમાં વકરતી પાર્કિંગની સમસ્યા વચલા માર્ગનો વિકલ્પ સામાન્યસભાએ સૂચવ્યો

**પંચાયત પરિષદ અને પંચાયત સંકુલ વચ્ચે દિવાલ તોડી પગરસ્તો બનાવવો અને વાહનો પરિસદ સંકુલમાં પાર્ક કરવા, સરકાર મંજૂરી આપતી નથી : મનપાની કચેરી બનશે ત્યારે સમસ્યા વિકરાળ સ્વરૂપ ધારણ કરશે તેવા સ્પષ્ટ સંકેત**

ગાંધીનગર, તા. ૨૦

ગાંદીનગર જિલ્લા પંચાયતની મળેલ સામાન્ય સભામાં પંચાયત સંકુલમાં પાર્કિંગની સમસ્યાએ ગંભીર રૂપ લીધુ હોવાનો સ્વીકાર કર્યો છે.

આ સમસ્યાના ઉકેલ માટે હવે પંચાયત સંકુલ અને પંચાયત પરિષદ વચ્ચેની કમ્પાઉન્ડ વૉલ તોડી પગ રસ્તો બનાવવાનો નિર્ણય કર્યો છે અને આ અંગે સામાન્યસભામાં પ્રસ્તાવ પણ કર્યો છે.

વાહન પાર્કિંગ માટે પંચાયત સંકુલ સામે સારી એવી ખુલ્લી જગ્યા હતી પરંતુ આ પછી હરકતમાં આવેલા વન વિભાગે ફેન્સીંગ સર્વિસરોડની થોડીક જગ્યા છોડી કરતાં વાહન-પાર્કિંગની ગંભીર સમસ્યા ઉભી થવા પામી છે.

પંચાયતના સત્તાધિકારીઓ અને પ્રદેશ પંચાયત પરિષદ વચ્ચે થયેલ વાતચીત પછી કમ્પાઉન્ડ વૉલ તોડી પગરસ્તો બનાવવાનો અને વાહનો પંચાયત પરિષદના મેદાનમાં કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લો પહેલા એક તાલુકાનો હતો ત્યારે જગ્યા ફાળવવામાં આવી હતી. ૩૩ વર્ષ કરતાં પણ વધુ સમય પસાર થયો છે પંચાયત સંકુલને બનાવ્યાનો પણ સરકાર નવી જગ્યા પણ ફાળવતી નથી કે હાલનુ બિલ્ડીંગ છે તોડી પાડી નવુ બનાવવાની મંજૂરી પણ આપતી નથી. જિલ્લામાં ત્રણ નવા તાલુકા ઉમેરવામાં આવ્યા છે તેમજ જિલ્લા પંચાયતનું સંકુલ પણ હવે નાનુ પડે છે એટલુ જ નહિ વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને બેસવા માટે જે જગ્યા ફાળવવી જોઈએ તે પણ ફાળવી શકાતી નથી. હવે વાહન પાર્કિંગની સમસ્યા ઉભી થઈ છે.

બીજી તરફ જિલ્લા પંચાયત નજીક ફાયરબ્રિગેડનુ સ્ટેસન તોડી અને મનપાની કચેરી તેમજ આધુનિક ફાયરબ્રિગેડ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આગામી દિવસોમાં મનપાની કચેરી કાર્યરત થતાં અહિ વાહનપાર્કિંગની સમસ્યા વધુ વકરશે એટલુ જ નહિ સર્વિસ રોડ પણ પહોળો કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થશે.

ગાંધીનગર તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતને જગ્યા ફાળવવાના સરકારના નનૈયાની જનમાનસમાં વિપરીત અસરો પડી રહી છે. રાજકીય કિન્નાખોરી રાખી સરકાર આ અંગે નકારાત્મક વલણ દાખવી રહી છે.

એક તબક્કે વિધાનસભાની પંચાયત વિભાગની માંગણીઓ પરની ચર્ચા પછી સ્વ. મંગળદાસ પટેલે નવી જગ્યા અને સંકુલ બનાવવાની મંજૂરી અંગે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને પંચાયત મંત્રીએ તે અંગે ખાત્રી પણ આપી હતી પરંતુ આખી વાત ફાઈલોમાં દબાઈ ગઈ છે.


મતદારયાદીની સુધારણા–૨૦૨૦

Electoral Literacy for Stronger Democracy

મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની અમૂલ્ય તક

તા.૨૨–૧૨–૨૦૧૯ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશ

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા.૦૧–૦૧–૨૦૨૦ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે નમૂના–૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના–૭ માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા નમૂના–૮ માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના–૮(ક) માં અરજી કરવી.

- ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.
- ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.
- આ ઉપરાંત રાજયના CSC તથા eGVGS(e-Gram Vishwagram Society) સેન્ટરો ખાતે પણ ઓનલાઈન અરજી નિયત નજીવી ફી ભરીને કરી શકશો.

તા.૨૨–૧૨–૨૦૧૯ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસે સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળે આ દિવસે પરત આપી શકશો

મતદારયાદીમાં નામ કેવી રીતે ચકાસી શકાય ?

- ચૂંટણી પંચની વેબસાઈટ www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર ઓનલાઈન
- ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પર કચેરી સમય દરમ્યાન ફોન કરીને
- ચૂંટણી પંચની એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન "VOTER HELPLINE" ધ્વારા
- મોબાઈલથી ૧૯૫૦ નંબર ઉપર ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો, અને તે જ પ્રમાણે ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે

આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે

મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત

માહિતી/૧૮૨૮/૧૯-૨૦





બેસણું

મારા પતિશ્રી હસમુખભાઇ મણિલાલ ગજ્જર તા. ૧૭-૧૨-૨૦૧૯ ના રોજ અક્ષર નિવાસી થયા છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૩-૧૨-૨૦૧૯ ને સોમવારના રોજ સવારે ૮-30 થી ૧૧-00 કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

નિવાસ સ્થાન : ૧૫૫/૪/બી, ગજ્જરનો બંગલો, હાઇકોર્ટ સામે, સત્તર તાલુકા સોસાયટીની પાસે, ઇન્કમટેક્ષ, અમદાવાદ શહેર અમદાવાદ, નવજીવન, ગુજરાત- ૩૮૦૦૧૪.

લી.
ગીતાબેન હસમુખભાઇ ગજ્જર (ધર્મપત્ની)

મીતાબેન અરૂણભાઇ ગજ્જર (દીકરી) | હેતલ રિતેશ વાઘેલા (દીકરી)
જસ્મીના કાર્તિક પરમાર (દીકરી) | પલકબેન આકાશ ઠક્કર (દીકરી)
બીના યોગેન્દ્ર બકરાનીયા (દીકરી) | જલ્પા હસમુખભાઇ ગજ્જર (દીકરી)

નોંધ : પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળ અને સમયે રાખેલ છે.
લી. ભરતભાઇ મુળચંદદાસ મિસ્ત્રી (ગાંધીનગર)

ગાયત્રી ટ્રેડર્સ - સેક્ટર-૨૧ (કલરની દુકાન)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com